# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને અન્ય વિસ્તારોમાં મધ્યમથી હળવા વરસાદની આગાહી કરી છે. જ્યારે બુધવાર, ગુરૂવાર અને શુક્રવારે દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી સંભાવના છે. હવામાન વિભાગે 26 સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં આઠ જિલ્લાના 20 તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો છે. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 125 ટકા વરસાદ નોંધાયાના અહેવાલ છે. આમાંથી સૌથી વધારે 183 ટકા વરસાદ કચ્છ અને 130 ટકા વરસાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં અત્યાર સુધીમાં કુલ સંગ્રહ ક્ષમતાના 97 ટકા પાણીનો સંગ્રહ થયો છે. જ્યારે 109 બંધ સંપૂર્ણ ભરાઈ ગયા છે. તો 64 બંધ 70થી 100 ટકા વચ્ચે અને 18 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાયા છે.

----------------------------

# 108 EMERGENCY

રાજ્યમાં 108 ઇમરજન્સી એમ્બુલન્સ સેવા શરૂ થઈ ત્યારથી આ ઑગસ્ટ મહિના સુધીમાં વિક્રમજનક એક કરોડ 66 લાખથી વધુ કૉલ મેળવીને સફળતાપૂર્વક તાત્કાલિક સેવા પૂરી પાડી છે. તેમજ 15 લાખ 52 હજારથી વધુ લોકોના જીવ બચાવ્યા છે. જ્યારે પ્રસુતિ સંબંધિત 55 લાખ 39 હજારથી વધુ અને માર્ગ અકસ્માતના 20 લાખ 32 હજારથી વધુ કિસ્સામાં સેવાઓ આપી હોવાનું સત્તાવાર આંકડા પરથી જાણવા મળ્યું છે.

108 સેવાએ જેતે સ્થળ પર એમ્બુલન્સમાં અત્યાર સુધીમાં એક લાખ 49 હજારથી વધુ સફળ પ્રસુતિ પણ કરાવી છે. આ સેવા અંતર્ગત વર્ષ 2012થી કાર્યરત્ 414 જેટલી ખિલખિલાટ વાનનો એક કરોડ 13 લાખથી વધુ, આરોગ્ય સંજીવની-મૉબાઇલ આરોગ્ય એકમમાં કાર્યરત્ 256 વાન થકી 2 કરોડ 79 લાખથી વધુ નાગરિકે લાભ લીધો છે.

ઉપરાંત વર્ષ 2020માં 10 ગામદીઠ ફરતું પશું દવાખાનું અને વર્ષ 2023માં કેન્દ્ર સરકાર પુરસ્કૃત ફરતું પશુ દવાખાનાની કુલ 586 વાન સેવારત્ છે, જેમાં 70 લાખથી વધુ પશુની સારવાર પણ થઈ છે.

.................

## CHHOTA UDEPUR SWACHHATA HI SEVA

છોટાઉદેપુર જિલ્લામાં પાવીજેતપુર તાલુકાના ગુંદી ગામમાં તાલુકા સભ્યના હસ્તે સેગ્રિગેશન શેડ અને કમ્પોસ્ટ પીટનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. દરમિયાન સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સ્વચ્છતાની સાથે કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થાય તે બાબતે પર પણ

ભાર મુકાયો છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા ગ્રામીણ વિકાસ સંસ્થા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કચરાના યોગ્ય વ્યવસ્થાપન હેતુ આ પીટ અને શેડ તૈયાર કરાયા છે. આ પ્રસંગે તાલુકા સભ્ય અને ગ્રામજનોએ સ્વચ્છતાના શપથ ગ્રહણ કર્યા હતા.

-------------------

## BHAVNAAGR - BLOOD DONATION

ભાવનગરમાં ડેન્ગ્યુ તાવના કેસ વધી રહ્યા હોવાથી દર્દીઓમાં રક્ત ઘટકના પ્લેટલેટની જરૂરિયાત ઊભી થતી હોય છે. તેને પહોંચી વળવા કોઈ પણ રક્તસમૂહ ધરાવતા નાગરિકોને રક્તદાન કરવા રેડક્રોસ બ્લડબેન્કે અપીલ કરી છે. પાંચ કે તથી વધુ રક્તદાતા સાથે મળી રક્ત એકત્રિત કરતી મોબાઈલ વાનને ઘરે અથવા કોઈ પણ સ્થળે બોલાવી શકે છે એમ ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીએ જણાવ્યું હતું.

-------------------

## PANCHMAHAL KHETI

પંચમહાલ જિલ્લામાં 34 હજાર 317 ખેડૂતની 27 હજાર 538 હેક્ટર જમીનના પાકને 33 ટકાથી વધુનું નુકસાન થયું હોવાના અહેવાલ છે. ખેડૂતોના પાક બગડતાં તેમને સરકારી સહાય મુજબ 15 કરોડ રૂપિયા જેટલી રકમ ચૂકવવામાં આવશે.

જિલ્લામાં નુકસાનીનો અહેવાલ સરકારને મોકલી આપ્યા બાદ સરકાર સહાયનું અનુદાન મંજૂર કરશે એમ પંચમહાલ ખેતીવાડી અધિકારી એમ. જી. પટેલે જણાવ્યું હતું.

----------

# KUTCH EARTHQUAKE

કચ્છ જિલ્લામાં આજે સવારે ભૂકંપના હળવા આંચકાઓ અનુભવાયા હતા. પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, આજે સવારે દસ વાગ્યેને પાંચ મિનિટે રિક્ટર સ્કેલ પર 3.3ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો, જેના કારણે નજીકના ગામોમાં ધ્રુજારી અનુભવાઈ હતી. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ રાપરથી 12 કિલોમીટર દૂર નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

## BANASKANTHA ORGAN DONATION

બનાસકાંઠાના પાલનપુરમાં 68 વર્ષીય બ્રેઈનડેડ મહિલાના અંગોના દાન થકી જિલ્લામાં બીજું અંગદાન થયું છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, પાલનપુરના આ મહિલાને ગઈકાલે બ્રેઈનડેડ જાહેર કરાતાં તેમના પરિવારજનોએ તેમની આંખ, કિડની અને લિવરનું દાન કરવાનો નિર્ણય કર્યો

હતો. તેમના આ નિર્ણયથી બીજા દર્દીઓને નવું જીવન મળશે.   આ   રીતે જિલ્લામાં એક જ અઠવડિયામાં બીજી વખત અંગોનું દાન મળ્યું છે.

-----------------